## સંક્ષિપ્ત સમાચાર

### આંબાની નુકસાનીના વળતર માટે કલેક્ટરને કિસાન સંઘની રજૂઆત



વલસાડ: વલસાડમાં સતત ત્રીજા વર્ષ દરમિયાન આંબામાં નુકસાની થઇ રહી છે. આંબાવાડી ધરાવતા ખેડૂતોની હાલત કફોડી બની ગઇ છે. ત્યારે નુકસાની વળતર માટે ભારતીય કિસાન સંઘ વલસાડના હોદ્દેદારોએ જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચી એક લેખિત રજૂઆત કરી છે. વલસાડના ખેડૂતોએ આપેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, આ વર્ષે આંબાવાડીમાં લગભગ 80 થી 85 ટકા નુકસાની છે. કેરી બચાવવા ખર્ચેલા પૈસાનું પણ વળતર મળી શકે એવું નથી. જેના કારણે તેમની આર્થિક હાલત કફોડી બની ગઇ છે. નાનો ખેડૂત દેવાના ડુંગરમાં દબાઇ ગયો છે. જિલ્લામાં સતત 3 વર્ષથી ખાસ કરીને હાફુસ કેરીમાં નુકસાની થઇ રહી હોય ખેડૂતો હાફૂસના ઝાડો કાપી રહ્યા છે. ત્યારે જિલ્લામાંથી હાફૂસ નામશેષ થઇ રહી છે. આવા સંજોગોમાં ખેડૂતોને તેનું યોગ્ય વળતર મળે તો ખેડૂત બેઠો થઇ શકે છે.

### કરમબેલીમાં 'ગ્લાસ મોઢે લગાવી પાણી કેમ પીવે છે' કહી વૃદ્ધને માર મરાયો

ઉમરગામ : ભીલાડ નજીક કરમબેલીમાં હોટલમાં નાસ્તો કર્યા બાદ વૃદ્ધ મોઢે ગ્લાસ લગાવી પાણી પીતા ગ્લાસ મોઢે લગાવી પાણી કેમ પીવે છે કહી વૃદ્ધને મહિલા સહિત બે જણાએ માર મારી કમરમાં ફેક્ચર કરતાં પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. ફરિયાદી રામદરશ જગદીશ નીસાદ (ઉ.વ 65 રહે કંસારપાડા પોસ્ટ વાનગાવ દહાણુ) ચીકુ અને કેરીની વાડી ભાડે રાખી વેપાર કરે છે. ગઈ તારીખ 20/1/2025 ના રોજ ચીકુ કેરી વાડીમાં નાખવાની દવા લેવાની હોય ટ્રેનમાં બેસી કરમબેલી રેલવે સ્ટેશન પહોંચી સવારે 7:45 વાગ્યે કરમબેલી બ્રિજ નીચે ચાર રસ્તા પાસે એક હોટલમાં ચા નાસ્તો કરવા ગયો હતો અને નાસ્તો કર્યા પછી પાણી પીવા માટે ગ્લાસ મોઢે લગાવી પાણી પીતો હોય કેવલ ઉત્તમભાઈ પટેલ તથા હેમાબેન ઉત્તમભાઈ પટેલે ગ્લાસ મોઢે લગાવી પાણી કેમ પીવે છે એમ કહી ગાળો આપી માર મારતા કમરના ભાગે ફેક્ચર કરી નાસી ગયા હતા. ફરિયાદી રામદરસ નિસાદ સારવાર માટે સેલવાસ હોસ્પિટલમાં સારવાર કરાવ્યા બાદ આ બનાવ અંગે ભીલાડ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### વાપીમાં વેપારી સાથે વિશ્વાસઘાત કરનાર આરોપીને બે વર્ષની સજા

વાપી: વાપીના સાચી એન્ટરપ્રાઈઝના ચિંતન સાવલીયાની ઓફિસ વાપીમાં આવેલી છે. ગત વર્ષ 2023 માં ઉમેશસિંગ તેઓની ઓફિસ પર આવી પોતે મટિરિયલ સપ્લાય કરવાનો ધંધો કરે છે અને તેઓને સિમેન્ટની જરૂર હોવાનું જણાવી 700 બેગ સિમેન્ટનો ઓર્ડર આપી રૂ.2,64,000નો ચેક આપ્યો હતો. જે રીટર્ન થયો હતો. તેની જાણ કરતાં ફરીથી બીજો ચેક આપતા તે ચેક પણ બાઉન્સ થયો હતો. જે બાદ માંગણી કરવા છતાં કોઈ રકમ આપી ન હતી. વેપારી ચિંતન સાવલીયાએ આ મામલે પોલીસ ફરિયાદ કરતાં પોલીસે વિશ્વાસઘાત કરનાર ઉમેશસિંગને દબોચી લીધો હતો. વાપી કોર્ટમાં આ કેસની અંતિમ સુનાવણીમાં પ્રિન્સી. સિનિ. સિવિલ એન્ડ એડિ. ચીફ જ્યુડિ. કોર્ટ વાપીના જજ બી.જે.પટેલે સરકારી વકીલ મુકેશ પાટણ વાડિયાની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી ઉમેશસિંગ સુરેશસિંગને IPC 420 માં 2 વર્ષની સખત કેદની સજા અને રૂ.5 લાખ દંડ, જેમાં ફરીયાદીને વળતર આપી 5 લાખમાંથી બાકીની રકમ સરકારમાં જમા કરવી, ઉપરાંત IPC 406 માં 1 વર્ષ સખત કેદની સજા અને રૂ.25,000નો દંડ સરકારમાં જમા કરાવવા આદેશ કર્યો હતો.

### વલસાડના સાંસદ દ્વારા ધરાસણા-છરવાડા મીઠા ઉધોગના પ્રશ્નોની સંસદમાં રજૂઆત

વલસાડ : વલસાડ તાલુકાના ધરાસણા અને છરવાડા ગામે મીઠા ઉધોગના તલસ્પર્શી પ્રશ્નોની સંસદમાં રજૂ કરી વલસાડના સાંસદ ધવલ પટેલે કેન્દ્ર સરકારનું ધ્યાન દોર્યું છે. સાંસદે ધરાસણા અને છરવાડાના સહકારી મીઠા ઉત્પાદક ખાતે સોલ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા સોસાયટીઓ પર લાદવામાં આવેલા જમીનના ભાડા, એસાઇનમેન્ટ ચાર્જિસમાં થયેલા અતિશય વધારા તરફ ધ્યાન દોર્યું હતું. તેમણે જણાવ્યું કે, આ મીઠાના ઉત્પાદન એકમોને 1974 અને 1994માં 20 વર્ષ માટે લીઝ પર આપવામાં આવ્યા હતા. જેમાં વધુ 20 વર્ષનો સમયગાળો હતો, નવીનીકરણની જોગવાઈ હતી, મૂળ લીઝ મુજબ એસાઇનમેન્ટ ફી રૂપિયા 1 હતી અને જમીનનું ભાડું રૂપિયા 2 પ્રતિ એકર હતું. 01/01/2004 થી આ શુલ્ક વધારીને અનુક્રમે રૂપિયા 10 અને રૂપિયા 5 કરાયા હતા. 01/01/2013 ના રોજ સખત સુધારા હેઠળ, એસાઇનમેન્ટ ફી ઘટાડીને રૂપિયા 100 પ્રતિ મેટ્રિક ટન અને જમીનનું ભાડું રૂપિયા 120 પ્રતિ એકર કરવામાં આવ્યું હતું, જેમાં 13% વ્યાજ ઉમેરવામાં આવ્યું હતું. આનાથી સહકારી મંડળીઓ પર અસહ્ય આર્થિક બોજ પડ્યો છે અને લાખો રૂપિયાની માંગણી કરવામાં આવી રહી છે. આ અંગે અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. ગુજરાત સરકારની સહકારી સંસ્થાઓ, જેમની જમીન 500 એકરથી ઓછી છે, તેમને આ શુલ્કમાંથી મુક્તિ આપવામાં આવી છે. જ્યારે ધરાસણા અને છરવાડા, જે કેન્દ્ર સરકાર હેઠળ છે, અસમાન નીતિનો સામનો કરે છે. ધરાસનાનું ઐતિહાસિક મહત્વ મહાત્મા ગાંધીના સત્યાગ્રહ સાથે પણ જોડાયેલું છે. જેના કારણે હજારો મીઠા કામદારોની રોજીરોટી જોખમમાં મુકાઈ છે.

**આ કેરીઓ સાઉથથી લાવી અપરિપક્વ અને કાર્બાઇડથી પકવેલી હોવાથી ખાવામાં ટેસ્ટ આવતો નથી**

# વલસાડની આલ્ફાન્ઝો કેરી બદનામ થઈ રહી હોવાનો ખેડૂતોનો આક્ષેપ




**આ** કેરીઓ બિનઆરોગ્યપ્રદ હોવાનો ખેડૂતોનો મત

**પારડી** હાઈવે પર અત્યારથી જ કેરીઓના સ્ટોલ્સની ભરમાર લાગી

પારડી : કેરીના શોખીનોની પસંદ એવી દેવગઢ રત્નાગીરી હાફૂસ કેરી વેચાણ માટે પારડી ને.હા. પર સ્ટોલો લાગી ચૂક્યા છે. આમ તો વલસાડ જિલ્લાની કેરી દેશ-વિદેશમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે અને હાફૂસ કેરી વલસાડ જિલ્લામાં એપ્રિલ-મે માસમાં આવે છે. જોકે, માર્ચ માસમાં જ રત્નાગીરી-દેવગઢની હાફૂસ કેરીના સ્ટોલોની ભરમાર લાગી છે.

કેરીના વેપારીઓ જોડે મુલાકાત લેતા તેમણે જણાવ્યું હતું કે, વિવિધ કેરીઓમાં રત્નાગીરી દેવગઢ હાફુસ કેરી, કેસર, દશેરી, તોતાપુરી, કેરી બજારમાં આવી ગઈ છે. જેનો માર્કેટમાં રૂપિયા 800, 1000, 1300 થી 1500 રૂપિયા ડઝન તેમજ કેસરના 250 રૂપિયા કિલો, દશેરી 220 રૂપિયા કિલો, તોતાપુરી 150 રૂપિયા કિલોના ભાવ માર્કેટમાં બોલાઈ રહ્યા છે. આ કેરીઓ મુંબઈ, મહારાષ્ટ્રથી લાવવામાં આવી હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું.

જોકે, આ કેરીઓને સ્થાનિક લોકો ખાવાલાયક નથી માનતા, કારણકે આ કેરી સ્વાસ્થ્યને નુકસાનકારક હોવાનું માને છે. પારડીના પલસાણા ગામના ખેડૂત હર્ષદ દેસાઈ જણાવ્યું હતું કે ભીલાડ કરમબેલીથી ચીખલી સુધીના નેશનલ હાઈવે પર હાઈવેના માર્જીનમાં કેરીના સ્ટોલ લગાવવામાં આવ્યા છે.

વલસાડ જિલ્લાની આલ્ફાન્ઝો કેરી જે વિશ્વમાં પ્રખ્યાત છે, જે બહારથી અન્ય રાજ્યમાંથી આવી આપણી આલ્ફાન્ઝો


અમૃત પટેલ

કેરીનું નામ બદનામ કરી રહ્યા છે. આ કેરીઓ સાઉથથી લાવી અપરિપક્વ અને કાર્બાઇડથી પકવેલા હોવાના આક્ષેપો કરી જે ખાવામાં ટેસ્ટ આવતો ન હોવાનું જણાવ્યું હતું.

### ચીખલીની સગીરા કોલેજ જવાનું કહી નીકળ્યા બાદ પરત ફરી નહીં

ઘેજ : ચીખલી તાલુકાના એક ગામની ૧૭ વર્ષીય સગીરા ખાનગી નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરે છે. તે ૧૦-માર્ચ-૨૫ ના રોજ સવારે ઘરેથી એસટી બસમાં કોલેજ જવા માટે નીકળી હતી. અને અમારી ટ્રેનિંગ છે એટલે મોડું થશે તેવું કહ્યું હતું. આ દરમ્યાન ઘરે પરત નહીં આવતા પરિવારજનોએ ફોન કરતા તેનો ફોન સ્વીચ ઓફ આવતો હતો.

બાદમાં કોલેજમાં તપાસ કરતા તેમની દીકરી સવારથી જ કોલેજમાં આવી નહીં હોવાનું જાણવા મળતા તપાસ કરવા છતાં કોઈ ભાળ મળી ન હતી. જેથી પોતાની દીકરીનું અપહરણ થયું હોવાનું આશંકા સાથેની પિતાની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ગુમ થનાર સગીરાએ કોલેજનો યુનિફોર્મ અને પગે લાલ સૂઝ પહેર્યા હતા. તથા કાળા રંગની સ્કૂલ બેગ હતી. વધુ તપાસ મહિલા પીઆઈ પી.ડી. ચૌધરીએ હાથ ધરી હતી.

### ચલામાંથી ભંગારના વેપારીઓ જુગાર રમતા ઝડપાયા

વાપી : પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે વાપીના ચલા ચોકી ફળિયા પાસે લીંબુની ચાલી પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલા પર રેઈડ કરી હતી. જેમાં જુગાર રમતા પાંચ ઈસમ (1) અરૂણ કારી મલીક (ઉ.54) (2) દત્તુ યુવરાજ કાપુરે (ઉ.25) (3) દત્તાત્રય રામદાસ પવાર (ઉ.45, તમામ ભંગારનો ધંધો અને હાલ રહે. સુનિલ ચાલી, ચલા ચોકી ફળિયા) (4) નાનક ભોલા પ્રસાદ (ઉ.30, મજૂરી, રહે. મીના ચાલી, ચલા) અને (5) નિબુલાલ રામવિલાસ યાદવ (ઉ.60, કલરકામ, રહે. ચલા ચોકી ફળિયું) રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે દાવના રૂપિયા 3620 અને અંગઝડતી કરી રોકડા રૂપિયા 9880 મળી કુલ રૂપિયા 13,500નો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધી તપાસ પોલીસ કરી રહી છે.

**વલસાડ જિલ્લાના આંતરરાષ્ટ્રીય બ્લાઇન્ડ ક્રિકેટરો સ્વખર્ચે રાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટ રમવા રવાના થયા**

# ચેમ્પિયન્સ ખેલાડીઓને આવકારવા ઉમટી પડતા નેતાઓ સુવિધા આપી શકતા નથી

**બ્લાઇન્ડ** સિયારામ નેશનલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા વલસાડના ક્રિકેટરો વિષમ પરિસ્થિતિમાં મુંબઇ ગયા

**વિષમ** પરિસ્થિતિમાં જીવન વ્યતીત કરી રહેલા જિલ્લાના બ્લાઇન્ડ ક્રિકેટરો

વલસાડ : વલસાડ જિલ્લા સહિત સમગ્ર ગુજરાતના બ્લાઈન્ડ ક્રિકેટરોની એક ટીમ મહારાષ્ટ્ર ખાતે રમાનાર બ્લાઈન્ડ સિયારામ રાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા ગુજરાતની ટીમમાં સમાવિષ્ઠ વલસાડ જિલ્લાના દ્રષ્ટિહીન ક્રિકેટરો વલસાડ રેલવે સ્ટેશનથી ટ્રેન દ્વારા મુંબઈ જવા મંગળવારે રવાના થયા હતા. નોંધનીય છે કે, વલસાડ જિલ્લાના બ્લાઈન્ડ ક્રિકેટરો અગાઉ પસંદગી પામી ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ચૂક્યા છે. જોકે, તેમના સ્વાગતમાં જિલ્લાના નેતાઓએ મંચ ઉપરથી ફોટા પડાવ્યા સિવાય કોઈ મદદ કરી નથી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટરો હોવા છતાં રાજકીય હોદ્દેદારો, વહિવટી તંત્ર સહિત કોઈની પાસેથી મદદ ન મળતાં સ્વખર્ચે, મદદ મેળવી ભાડું મેળવી રવાના થયા હતા. જેના પગલે આજે પણ જિલ્લાના બ્લાઈન્ડ ક્રિકેટરો વિષમ પરિસ્થિતિમાં જીવન વ્યતીત કરી રહ્યા છે.

### ચલાના બંધ ફ્લેટમાંથી ઘરેણા અને રોકડ મળી 4 લાખનો મુદ્દામાલ ચોરી ગયા

વાપી : વાપીમાં અલગ-અલગ ચોરીના ત્રણ બનાવો બન્યા હતાં. જેમાં કોચરવા, આંગણ રેસીડેન્સીમાં રહેતા કૌશલ શર્મા સલવાવની કંપનીમાં સુપરવાઈઝર છે. ગત તા.16-3-25 ના રોજ અમદાવાદથી ફોન આવ્યો હતો કે માધવવુડ ઈન્ડસ્ટ્રીઝ સાઈટનું નેટવર્ક બંધ છે. જે બાદ કંપનીના ટાવર પર જઈ ચેક કરતા એરટેલ અને વોડાફોન કંપનીના મોબાઈલ નેટવર્કના ટાવર પાસેથી 84 મીટર કેબલ વાયર ચોરી થતાં બનાવની ફરિયાદ વાપી ડુંગરા પોલીસ મથકે નોંધાવી હતી.

બીજા બનાવમાં ડુંગરા ગામ, રહેતા સમશેર ખાને રાત્રે બિલ્ડીંગના પાર્કિંગમાં બુલેટ પાર્ક કરી હતી. જે સવારે નજરે નહી પડતા શોધખોળ બાદ પણ કોઈ પત્તો નહીં લાગતા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જ્યારે ત્રીજા બનાવમાં ચલા ભાગ્યોદય સોસાયટી, શુભ એપાર્ટમેન્ટના ચોથા માળે ફ્લેટ નં.406 માં સ્વીટી બોહરા રહે છે. દંપતિ વતનમાં અશુભ પ્રસંગે તા.12-3-25 ના રોજ ઘર બંધ કરી ચાવી સિક્યુરીટી ગાર્ડને આપી ગયા હતાં. જે બાદ પરત આવી ચાવી મેળવી ઘરમાં પહોંચી તેઓ બધા સૂઈ ગયા હતાં. સવારે કબાટનું ડ્રોઅર ખોલતા ડ્રોઅરમાંથી સોનાના ઘરેણા તથા રોકડા 4 હજાર મળી રૂપિયા 3,99,000નો મુદ્દામાલ ચોરી થતા વાપી ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### ધાડ, લૂંટનો આરોપી પોલીસથી બચવા શ્રી શ્રી 108 સ્વામી અનંતદેવ બની ગયો

**ધાડ,** લૂંટનો આરોપી વારાણસીમાં સાધુનો વેશ ધારણ કરી ચોસઠી મઢ આશ્રમમાં રહેતો હતો

**ઉમરગામ** ભીલાડ પોલીસે ફરાર આરોપીને 21 વર્ષે યુપીથી ઝડપી પાડ્યો


ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ ભીલાડ પોલીસે ધાડ લૂંટ આર્મ્સ એક્ટના ગુનામાં સંડોવયેલા ફરાર આરોપીને 21 વર્ષે યુપીથી ઝડપી પાડ્યો છે. આરોપી આનંદ શિવપૂજન તિવારી નામ બદલી સાધુનો વેશ ધારણ કરી ચોસઠી મઢ આશ્રમ ઉત્તર પ્રદેશ વારાણસી ખાતે રહેતો હોય દબોચી લીધો હતો.

સુરતના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહની સૂચનાથી તથા વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક ડો. કરણરાજ વાઘેલા તથા વાપી નાયબ પોલીસ અધિક્ષક બી એન દવેના માર્ગદર્શન હેઠળ ભીલાડ પોલીસ મથકના પીએસઆઇ આર પી ડોડીયાની ટીમને મળેલી બાતમીના આધારે ઉમરગામ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં 64/04 ઈ.પી.કો કલમ 395, 342, 506(2) ધાડ લૂંટ આર્મ્સ એક્ટના 25(1) જીપી એક્ટ 135નો નાસતો ફરતો વોન્ટેડ આરોપી આનંદ શિવ પૂજન તિવારી (ઉ.વ 55 હાલ રહે ચોસઠી મઢ (ચોસઠી ઘાટ) પાંડે ઘાટની બાજુમાં કાશી બનારસ ઉત્તર પ્રદેશ) નાસી ગયો હતો અને પોતાનું નામ બદલી શ્રી શ્રી 108 સ્વામી અનંત દેવથી સાધુનો વેશ ધારણ કરી ચોસઠી મઢ આશ્રમ ખાતે રહેતો હોવાની મળેલી બાતમીના આધારે ઝડપી પાડ્યો હતો. આરોપી પોલીસથી બચવા નામ બદલીને સાધુનો વેશ ધારણ કરી આજદિન સુધી આશ્રમમાં રહેતો હોવાની કબુલાત પણ પોલીસ સમક્ષ કરી હતી. ઉપરોક્ત આરોપીની અટક કરી ઉમરગામ પોલીસે રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

### 'અમે પોલીસ છીએ, એક મહિલાનું મર્ડર થયું છે તમારા દાગીના પર્સમાં મૂકી દો'

**બીલીમોરામાં** સતત બીજા દિવસે ઠગો મહિલાના સોનાના દાગીના ઉતરાવી ગયા

બીલીમોરા : બીલીમોરામાં પોલીસના સ્વાંગમાં આવેલા બે ગઢીયાએ પારસી મહિલાને ભોળવી સોનાનુ બેંગલ અને ચાર વીટી મળી રૂપિયા 1.42 લાખના દાગીના કાઢી જતા ચકચાર મચી ગઈ છે.

બીલીમોરા સરદાર માર્કેટ રોડ ઉપર આવેલા કદમ્બ એન્કલેવ બી માં રહેતી પારસી વૃદ્ધા હૂતોક્ષીબેન જમશેદ ભગવાગર (ઉ. 66) સોમવારે સાંજે હોમિયોપેથીક દવા લઈને ઘરે ચાલતા જતા હતા ત્યારે તીસરી ગલીના નાકે 30 થી 35 વર્ષનો યુવાન જેણે મોઢે રૂમાલ બાધેલો હતો તેણે આવી હૂતોક્ષીબેનને રોકીને બાજુમાં આવવા જણાવ્યું હતું.

જ્યાં પહેલેથી બીજો 35 થી 40 વર્ષનો યુવાન હાજર હતો. જે ઓ એ અમે પોલીસ છીએ. હાલમાં એક



મહિલાનું મર્ડર થયું છે અને તમે પહેરેલા સોનાના દાગીના તમારા પર્સમાં મૂકી દો કહેતા ગભરાયેલા હૂતોક્ષીબેને તેમનું અઢી તોલાનું સોનાનું બેંગલ અને દોઢ તોલાની હાથમાં પહેરેલી ચાર સોનાની વીંટી ઉતારીને પર્સમાં મૂકી હતી. આ દરમિયાન એક ઠગે મહિલાને વાતમાં નાખી બીજાએ પર્સમાંથી ચાલાકીપૂર્વક સોનાની ચાર વીટી અને બેંગલ કાઢી ત્યાંથી જતા રહ્યા હતા. ત્યારબાદ હૂતોક્ષીબેન ઘર તરફ જતી વખતે તેમણે પોતાનુ પર્સ ખોલીને દાગીના ચેક કરતા દાગીના ન હતા. તેમણે તરત જ પુત્ર પેરવેઝને બનાવની જાણ કરી પોલીસમાં ફરિયાદ નોંધાવા ગયા હતા. જ્યાં પોલીસે હૂતોક્ષીબેનની ફરિયાદ નોંધી સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

#### બે દિવસમાં બે મહિલાના સોનાના દાગીનાની ચીલઝડપ

બીલીમોરામાં બે દિવસમાં બે મહિલાના સોનાના દાગીનાની ચીલઝડપ થાય છે. જેની પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ છે પણ આવા લુખ્ખા તત્વો પોલીસના હાથે ઝડપાતા નથી. એક પીઆઇ અને બે પીએસઆઇ વાળા મહેકમના પોલીસ સ્ટેશનમાં લાંબા સમયથી થતા ગુનાના ડિટેક્શનનો રેશિઓ ઘણો જ ઓછો છે. ભૂતકાળમાં આજ બીલીમોરામાં માત્ર એક પીએસઆઈનુ મહેકમ હતું તેમ છતાં ગુના ઘણા ઓછા બનતા. અને જે બનતા તેનું ડિટેક્શન પણ થતું. ગુના ઉકેલતા પણ હાલની સ્થિતિ કથળી છે.

### ધરમપુરમાં દાદાનો હત્યારો પૌત્ર સબજેલમાં ધકેલાયો

ધરમપુર : ધરમપુર તાલુકાના નાની કોરવડ ગામે યુવાનને સગા દાદાએ સામાજીક પૂજા વિધા કરવાની ના પાડતાં છેવટે માઠું લાગી આવતા યુવાનના પરિવારજનો લગ્નપ્રસંગમાં ગયો હોય જેનો લાભ લઈ યુવાને રાત્રે ઓટલા ઉપર સુતેલા દાદા કાશીરામને લાકડાંના ફટકા મારી મોતને ઘાટ ઉતારી દીધા હતા. જે પ્રકરણમાં ધરમપુરના પીઆઈ નિખિલ ભોયાએ હત્યારા કમલેશની ધરપકડ કર્યા બાદ ધરમપુર જ્યુડીશ્યલ કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે આરોપીને ધરમપુર સબજેલમાં મોકલી આપવા આદેશ કર્યો હતો.

### વલસાડના તિથલ રોડ પર માર્ટીનોઝ પિત્ઝામાંથી બે બાળમજૂર મળી આવ્યા

**ચાઈલ્ડ** લેબર એક્ટ હેઠળ માલિકને નોટિસ ફટકારવામાં આવી




વલસાડ : વલસાડ જિલ્લા મદદનીશ શ્રમ આયુક્તની કચેરીની જિલ્લા ટાસ્ક ફોર્સ દ્વારા તા. ૧૭ માર્ચના રોજ તિથલ રોડ પર આવેલી વિવિધ હોટલો અને દુકાનોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. આ સમયે માર્ટીનોઝ પિત્ઝા (જ્યોતિ ફૂડ કોર્ટ)માં તપાસ કરતા બે તરૂણ શ્રમયોગી મળી આવ્યા હતા. જેથી આ સંસ્થાના માલિકની પૂછપરછ કરતા બંને તરૂણો ૧૮ વર્ષથી નીચેની ઉંમરના જણાતા સંસ્થાના જવાબદાર વ્યક્તિને બાળ અને તરૂણ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ અને એ અન્વયેના ગુજરાત નિયમો, ૨૦૧૭ હેઠળ સરકારી શ્રમ અધિકારી દ્વારા ચાઈલ્ડ લેબર એક્ટ હેઠળ નિયમન અંગેની નોટિસ આપવામાં આવી હતી.

### પારડી હાઈવે પર અકસ્માતમાં કારનો ભુક્કો બોલી ગયો


અમૃત પટેલ

પારડી : પારડી નેશનલ હાઇવે નં. 48 રોહિત ખાડીના પુલ પર વાપી તરફ જતા ટ્રેક પર એક કાર રેલિંગ સાથે અથડાઈને ડમ્પર સાથે ભટકાતા અકસ્માત સર્જાયો હતો. પારડી રોહિત ખાડી હાઇવે પર કાર રેલિંગ સાથે અથડાઈ હતી. જે બાદ કાર બાજુમાં ચાલતાં ડમ્પર સાથે ધડાકાભેર અથડાઇ હતી. ફરી કાર રેલિંગ સાથે અથડાતા કારનો ભુક્કો બોલાઈ ગયો હતો. અકસ્માતમાં કારમાં સવાર સમશેર યાદવ અને બ્રિજેશ પટેલનો ચમત્કારિક બચાવ થયો હતો. જેમને શરીરે ઇજા પહોંચતા 108 એમ્બ્યુલન્સ મારફતે વાપી હરિયા હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. ઘટનાની જાણ થતા પારડી પોલીસની ટીમ સ્થળ પર આવી પહોંચી કારને ક્રેનની મદદે સાઇડે કરાવી ટ્રાફિકને હળવો કર્યો હતો. ખાડીના પુલ પહેલા ટર્નિંગ હોવાથી હાઇવેનો ડિવાઇડર પણ રોડથી ખૂબ નીચાઈ વાળો હોવાથી અવાર-નવાર એક જ સ્થળે અકસ્માતો સર્જાઈ રહ્યા હોવાની બૂમ ઉઠી રહી છે.

### બોરીયાચ ટોલનાકા પાસેથી દારૂ ભરેલા ટેમ્પો ઝડપાયો

નવસારી: નવસારી ગ્રામ્ય પોલીસે બોરીયાચ ટોલનાકા પાસેથી એક ટેમ્પોને રોકી તપાસ કરી હતી. જેમાંથી પોલીસને 2.52 લાખની વિદેશી દારૂની 1500 નંગ બાટલીઓ મળી આવતા સુરત કોમ્પ્લેક્ષમાં રહેતા આજમતખા જમનશા શેખને ઝડપી પાડ્યો હતો.

**ટેન્ડર નોટિસ**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ નવસારી સંચાલિત ઘેજ બીડ પ્રા.શાળા તા.ચીખલી જિ.નવસારીના બે (2)ઓરડાનું જુનું મકાન તોડી કાટમાળ લઈ જવા સહિતના ભાવો મંગાવવામાં આવે છે.બંધ કવરમાં રૂ.10000/-નો ડિમાન્ડડ્રાફ્ટ રાષ્ટ્રીયકૃત બેંકનો મુખ્ય શિક્ષક ઘેજ બીડ પ્રા.શાળા તા.ચીખલી જિ.નવસારી ના નામનો અવશ્ય બીડાણ કરવાનો રહશે. ભાવપત્રક લઈ જવાની અંતિમ તા.26/03/2025ના રોજ સમય સવારે 12:30 કલાક સુધીનો રહશે.

ભાવપત્રક સીલ બંધ કવરમાં જમા કરાવવાની અંતિમ તા.27/03/2025ના રોજ સમય સવારે 12:30 કલાક સુધીનો રહશે. (રજાના દિવસ સિવાય) ભાવ પત્રક ખોલવાની તારીખ 28/03/2025ના રોજ બપોરે 12:30કલાકનો રહશે. ભાવપત્રક મંજુર કરવા /ના કરવાની સત્તા SMC ઘેજ બીડ પ્રાથમિક શાળાને રહશે.જે બાબતે કોઈ પણ કારણ દર્શાવવામાં આવશે નહિ.અન્ય શરતો સ્થળ પર વાચી સંભળાવવામાં આવશે.ભાવપત્રક ફી.500/-રોકડા (નોન રીફંડેબલ)

સ્થળ:-ઘેજબીડ પ્રાથમિક શાળા તા.ચીખલી જિ.નવસારી

SMC અધ્યક્ષ /સભ્ય સચિવશ્રી ઘેજબીડ પ્રા.શાળા તા.ચીખલી